# સમાનતા માટે ડિજિટલ વિશ્વમાં લિંગનો ભેદભાવ બદલાવો જરૂરી

**IIT ખાતે 'ચેન્જિંગ રોલ ઓફ વિમેન ઈન એજ ઓફ ડિજિટલ' પર પેનલ ડિસ્કશન યોજાઈ**

કાર્યક્રમમાં પ્રથમ પેનલમાં સ્પીકર તરીકે આઈઆઈટી ઈંદોરના પ્રોફેસર નિર્મલા મેનોન, ડીએ-આઈઆઈસીટીના મધુમિતા મઝુમદાર અને પ્રો. નિશાંત ચોક્સી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે બીજી પેનલમાં રૂપા જહા, પ્રો. તનિષ્ઠા સમંતા અને પ્રો. અન્નપૂર્ણા રાઠ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ પેનલમાં પ્રો. નિર્મલા મેનોને કહ્યું કે, જાતિનો વિવાદ માત્ર સોસાયટી પુરતો સીમિત નથી. સોશિયલ મીડિયામાં પણ તેનો ઉપયોગ બિઝનેસ વધારવા માટે થાય છે.

## મીડિયાના ન્યુઝરૂમ મહિલાઓ માટે બદલાયા છે



મીડિયા ઇન્ડિસ્ટ્રીઝમાં આધુનિક યુગથીજ મહિલાઓ કાર્યરત છે, મહિલા તરીકે મોટા ન્યુઝ ઓર્ગેનાઇઝેશનમાં વિપરીત કન્ડીશનમાં કામ કરવું પડકાર જનક હોય છે. પરંતુ સમયાંતરે ન્યુઝરૂમમાં બદવો આવ્યા છે. આજની દુનિયાએ ડિજિટલ ન્યુઝને વધારે પ્રાધાન્ય આપ્યું છે. સાથે સ્ત્રીઓને પણ ન્યુઝમાં આવકાર મળ્યો છે. - **રૂપા જહા, મીડિયા એક્ઝિક્યુટિવ**

## શું સોશિયલ મીડિયા સામાજિક પ્રવૃતિનું નિકંદન કાઢશે?



સોશિયલ મિડિયા સામે સવાલો એ પણ છે કે, શું સોશિયલ મિડિયા સામાજિક પ્રવૃતિનું નિકંદન કાઢશે? કારણ કે, યુવાઓ સહિત મોટાભાગના લોકો સોશિયલ મિડિયા પર વધારે એક્ટિવ હોય છે. તેની આડઅસર પણ છે અને સારી વાતો પણ છે. - **તનિષ્ઠા સમંતા, પ્રોફેસર**

**Title:** For equality, it is necessary to change gender discrimination in the digital world
**Source:** Gujarat Samachar (Pg. No. 01)
**Link:**
http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20190315_1
**Date:** 15-03-2019